**ફોજદારી કેસ નંબર :–૧૪૦૮/૨૦૨૬**

## શ્રી અધિક ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.મુંદરા–કચ્છ.

## આંક–૧ લગત હુકમ

ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ આંક–૧ ની હકીકતે ગુનો કરી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. સદર કેસનું ચાર્જશીટ કોર્ટમાં રજુ થતાં, આરોપી હાજર થતાં તેને કાયદા મુજબની નકલ આપી, તેમની સામેની ચાર્જ/પ્લી વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાની કબૂલાત કરવાની પુરશીસ રજુ કરી, સ્વેચ્છાએ ગુનો કબૂલ કરેલ છે.

આમ, હાલના કામમાં આરોપી સ્વૈચ્છિક ગુનાની કબૂલાત કરે છે. આરોપી ગરીબ વર્ગનાં તેમજ કુટુંબમાં એક જ કમાનાર વ્યકિત છે/યુવાન વયના છે અને ફરીવાર આવો ગુનો નહીં કરવાની ખાતરી આપી, સુધરવાની તક આપી, દયાની માંગણી કરી, યોગ્ય દંડ તથા સજા કરવા રજૂઆત કરેલ છે અને આરોપીએ સ્વૈચ્છિક કબૂલાત કરેલ છે. હાલના કામે ઉપરોકત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, આરોપી સામેનો ગુનો નજીવો ગુનો (પેટી ઓફેન્સ) છે, આરોપી ગરીબ માણસ હોય, નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. ૨૦૦૫ નાં સરકાર વિ. નટવરલાલ રતનજી ઠાકોરનાં ચુકાદાને ધ્યાને લઈ, આરોપીની કબૂલાત તથા ગુનાનાં સંજોગો ધ્યાને લેતાં અને આરોપીની સ્વૈચ્છિક કબૂલાતની હકીકતને ધ્યાને લેતાં તથા સુધારણાલક્ષી શિક્ષાની વિચારસરણી (Reformative Theory of Punishment) નાં સિધ્ધાંતને ધ્યાને રાખતાં તથા સદરહું ગુના સબબની સજાની જોગવાઈ ધ્યાને લેતાં, હાલનાં કેસમાં આરોપીને ન્યુનત્તમ કે મહત્તમ સજા નહીં કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાશે તેવું જણાતું હોઈ, આરોપીને હાલના ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ) હેઠળનાં શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને **રૂા. ૧૦૦/– (અંકે રૂપીયા એક સો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો, આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૭ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ ટ્રાયલ દરમિયાન/અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે મુદામાલ પાવતી મુજબ કબજે કરવામાં આવેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમાનુસાર નાશ/નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ **૧૧મી,** માહે: **જુલાઈ**, સને **બે હજાર છવ્વીસ**નાં રોજ યોજાયેલ રાષ્ટ્રીય લોક અદાલત અન્વયેની સ્પેશ્યિલ સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬.
મુંદરા–કચ્છ.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
મુન્દ્રા–કચ્છ.
[ GJ01199 ]